અપીલ અરજી નં.૧૨૬ તા.૨૦–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મંજુલત્તા જૈન
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મંજુલત્તા જૈન ની તા. ૧–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં ૧. શહેર સુરતના મોજે ઉધના વિસ્તારમાં બી.આર .સી . મંદિર સામે , રિલાયન્સ પેટ્રોલપંપની પાછળ હરીનગર –૩ માં આવેલ ટી.પી .સ્કીમ નંબર ૨(ઉધના ) ફા. પ્લોટ નંબર ૨૦ થી નોંધાયેલ જમીન ઉપર બાંધકામ કયારે કરવામાં આવ્યું .વિ. મુદા નં. ૧થી ૨૨ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૬–૧૧SMC/FAP/ નં.૧૨૬/૨૦૧૧–૧૨

શ્રી મંજુલત્તા જૈન ની તા. ૧–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં ૧. શહેર સુરતના મોજે ઉધના વિસ્તારમાં બી.આર .સી . મંદિર સામે , રિલાયન્સ પેટ્રોલપંપની પાછળ , હરીનગર –૩ માં આવેલ ટી.પી .સ્કીમ નંબર ૨(ઉધના ) ફા. પ્લોટ નંબર ૨૦ થી નોંધાયેલ જમીન ઉપર બાંધકામ કયારે કરવામાં આવ્યું વિ. મુદા નં. ૧થી ૨૨ ની માહિતી આપવા બાબતે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં સા.ઝોન / ટેક /૧૨૯ તા. ૩૦–૫– ૧૧ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ મુદ્દા નં.૨,૩,૮,૨૧,૨૨ વિશે કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ ન હોવાનું જણાવી તથા ૧,૪ થી૭ , ૯ થી ૧૫, ૧૭ થી ૨૦ ટ્રસ્ટની મનાઈ હુકમના નામથી નકારેલ હોવાનું જણાવી તથા મુદ્દા નં.૧૬ ની માહિતી અધૂરી આપેલ હોવાનું જણાવી એપેલેટ ઓફિસરને તા.૨૦–૬–૧૧ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા બાબત હેઠળની લાગત ફાઈલો હાથ ધરાયેલ કાર્યવાહી, હાલની દફતરી વિગત તથા મુદ્દા નં.૧૬ અંગે નીતિ નિયમની જોગવાઈ તેમજ દફતર જાળવણીના નિયમોની વિગતોસહ તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૯૬ તા.૨૪–૬–૧૧ એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં ઉધના ઝોનના જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી માં યોગ્ય જવાબ આપવામાં આવેલ નથી તથા મુદા નં .૧૬ માં અધૂરો જવાબ હોવાના દાવાના સમર્થનમાં આધાર સહ સ્પષ્ટતા કરવા તથા વધુમાં નિયમોની જોગવાઈ સબબ મનપાની વેબસાઈટ પર મુકેલ વિગતો તથા બીપીએમસી એકટની જોગવાઈઓનો તેમણે સંદર્ભ કરેલ છે કે કેમ? તે પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૨૧૨ તા.૬–૭–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, વેસ્ટઝોન તરફથી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તબદીલ કર્યા અંગેના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૪ તા.૧–૪–૧૧ ના પત્રની નકલ, અરજદારને દિન–૩૦ ના વિલંબથી આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૧૨૯ તા.૩૦–૫–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ, રમેશભાઈ બી. પટેલ ફોર કબીર સાહેબ પ્રા.સ્કુલ ટ્રસ્ટીના નામથી તા.૫/૨૪–૫–૧૧ ની વાંધા અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૯–૭–૧૧ ના રોજ પૂરક વિગતનો પત્ર મળેલ છે.

અરજદારની તા.૧–૪–૧૧ ની અરજીથી ટીપી સ્કીમ નં.૨ ફા.પ્લોટ નં.૨૦ ના બાંધકામને મુદ્દા નં.૧ થી ૨૨ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મ્યુ. કોર્પોરેશનને સંબોધતી વેસ્ટઝોન ખાતે આપવામાં આવેલ. જે વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૪ તા.૧–૪–૧૧ થી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક.૧૨૯ તા.૩૦–૫–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. અરજદારે મળેલી માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૦–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારની મુળ અરજીમાં મુદ્દા નં.(૧) શહેર સુરતના મોજે ઉધના વિસ્તારમાં બી.આર .સી . મંદિર સામે , રિલાયન્સ પેટ્રોલપંપની પાછળ , હરીનગર –૩ માં આવેલ ટી.પી .સ્કીમ નંબર ૨(ઉધના ) ફા. પ્લોટ નંબર ૨૦ થી નોંધાયેલ જમીન ઉપર બાંધકામ કયારે કરવામાં આવ્યું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગવામાં આવેલી માહિતી ગાયત્રી એજયુકેશન ટ્રસ્ટની મૌખિક તેમજ લેખિત મનાઈ અરજી હોવાના કારણે આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.ર જો સદર જમીન –મિલ્કત ઉપર બાંધકામ કરવામાં આવ્યું હોય તો તે બાંધકામના પ્રકારની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલ સ્થળ ઉપર સદર જગ્યા પર શાળાના હેતુસરનું બાંધકામ જણાય છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ સદર જમીન–મિલ્કતના બાંધકામ અનુસંધાનમાં મુકવામાં આવેલ પ્લાન, રીવાઈઝડ પ્લાન રજૂ થયા તારીખ પ્લાન મંજુર થયા તારીખ પ્લાન અધિકૃત કરનાર કચેરી શાખા, વ્યકિતની માહિતી પ્લાન રજૂ કરનાર આર્કિટેકચર તથા અન્ય વ્યકિતઓના નામ સરનામાંની માહિતી.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતમાં બાંધકામ પ્લાન ટીડીઓ/ડીપી નં.૭૮ તા.૧૯–૯–૦૬ થી મંજુર કરવામાં આવેલ છે. સદર પ્લાન સુરત મહાનગપાલિકા મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ ધ્વારા મંજુર કરવામાં આવેલ છે પ્લાન રજૂ કરનાર આર્કીટેકટ હરીકૃષ્ણ વખારીયા હતાં. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ ઉપરોકત બાંધકામ સરકારી કે જાહેર જમીન પર થયું છે તેની ચકાસણી સાથેની સ્પષ્ટતા કરતાં દસ્તાવેજોની માહિતી. મુદ્દા નં.૫. જો સદર જમીન –મિલ્કત ઉપર બાંધકામ

કરવામાં આવ્યું હોય તો જાહેર રસ્તાની કેટલી જમીન દબાણ કરવામાં આવી છે તેની માહિતી. મુદ્દા નં.૬ જો સદર જમીન–મિલ્કત ઉપર બાંધકામ કરવામાં સરકારી કે જાહેર જમીનનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તો તે સબંધમાં કોઈ સરકારી પરમીશન સંમતિ કે એસએમસીની સંમતિ પરમીશન લેવામાં આવી હોય તો પરમીશન આપનાર શાખા, કચેરી વ્યકિતનું નામ તથા પરમીશન મેળવ્યા વગર બાંધકામ કરવામાં આવ્યું હોય તો ગેરકાયદેસર બાંધકામ સબંધી શરૂથી આજ દિન સુધી કરવામાં આવેલી તમામ કાર્યવાહીની દસ્તાવેજી માહિતી. મુદ્દા નં.૭ જો સદર જમીન–મિલ્કત ઉપર બાંધકામ કરવામાં આવ્યું હોય તો તે બાંધકામ પ્લાન મુજબ થયેલ છે? તેની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૪ થી ૭ બાબતે માંગવામાં આવેલી માહિતી ગાયત્રી એજયુકેશન ટ્રસ્ટની મૌખિક તેમજ લેખિત મનાઈ અરજી હોવાના કારણે આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. પરંતુ તે અંગે કલમ–૧૧ હેઠળની આરટીઆઈ કાયદા હેઠળની પ્રક્રિયા અનુસર્યાની કોઈ વિગતો જાહેર માહિતી અધિકારી પક્ષે અત્રે અપીલ તબકકે રજૂ થયેલ નથી. જયારે કહેવાતા ત્રાહિતનો વાંધો જાહેર માહિતી અધિકારીના કયા સંદર્ભે છે તે વિગતો સ્પષ્ટ કરતો નથી. મુદ્દા નં.૮ સદર જમીન –મિલ્કત ઉપર થયેલ બાંધકામ પ્લાન માન્ય ધ્વારા ધોરણે મુજબ મંજુર કરવામાં આવેલ છે કે કેમ તેની ચકાસણી કર્યા તારીખ, સ્થળ રીપોર્ટ તૈયાર કર્યા તારીખ રીપોર્ટ કચેરીમાં રજૂ થયા તારીખ તેમજ ચકાસણી અને રીપોર્ટ સબંધી તમામ દસ્તાવેજોની માહિતી. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી આપેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. મુદ્દા નં.૯ આપની કચેરી તેમજ સબંધિત વિભાગ ધ્વારા બિલ્ડીંગ યુઝ પરમીશન ફાયર સેફકટી સર્ટીફીકેટ બાંધકામ બાબતની એન.ઓ.સી. આપી હોય તેની પ્રમાણિત નકલો. મુદ્દા નં.૧૦ સદર જમીન મિલ્કત ઉપર થયેલ બાંધકામના સંદર્ભમાં મ્યુ. કોર્પોરેશનમાં અધિકૃત અધિકારી ધ્વારા ચાલુ બાંધકામ સમયે સાઈટ વીઝીટ કરનાર અધિકારીનું નામ હોદ્દો, અને કચેરી વિશેની સંપૂર્ણ માહિતી. મુદ્દા નં.૧૧ શું વીઝીટ દરમ્યાન કેટલી અને કેવા પ્રકારની અનિયમિતતાઓ ધ્યાન ઉપર આવેલી હતી અને તેના સબંધમાં એસએમસી અધિકારી ધ્વારા શું પગલા લેવામાં આવેલ તેની સંપૂર્ણ માહિતી. મુદ્દા નં.૧૨ સદર જમીન મિલ્કત ઉપર થયેલ બાંધકામ દરમ્યાન અને પૂર્ણ થયા બાદ આર્કીટેકટ ધ્વારા સદર ઈમારત સબંધિત કયા સર્ટીફીકેટ અને અન્ય ડોકયુમેન્ટ રજૂ કરવામાં આવ્યા છે તેની સંપૂર્ણ પુરાવા સહિતની માહિતી. મુદ્દા નં.૧૩ સદર જમીન મિલ્કત ઉપર થયેલ બાધંકામના પૂર્ણ થયા બાદ એસએમસી ધ્વારા બીયુસી સર્ટીફીકેટ કે અન્ય સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવેલ છે? કયા અધિકારીએ કરેલ છે તે અધિકારીનું નામ હોદ્દા વિશે સંપૂર્ણ માહિતી. મુદ્દા નં.૧૪ એસએમસી ધ્વારા બીયુસી સર્ટીફીકેટ આપતા પહેલા કઈ રીતની ખાત્રી કરાઈ છે? શું બાંધકામ પ્લાન વિરૂધ્ધ કે જાહેર રસ્તા ઉપર દબાણ કરી ઈમારત બાંધેલ હોય તો બીયુસી આપી શકાય કે કેમ? તેની સંપૂર્ણ માહિતી. મુદ્દા નં.૧૫ સદર જમીન –મિલ્કત ઉપર થયેલ બાધંકામના સંદર્ભમાં કોઈ વાંધા, તકરાર, ફરીયાદ કચેરીમાં રજૂ થઈ હોય તો તેના પુરાવાઓ સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૯ થી ૧૫ બાબતે માંગવામાં આવેલી માહિતી ગાયત્રી એજયુકેશન ટ્રસ્ટની મૌખિક તેમજ લેખિત મનાઈ અરજી હોવાના કારણે આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. પરંતુ આરટીઆઈ કાયદાની કલમ–૧૧ ની પ્રક્રિયા અંગે જાહેર માહિતી અધિકારીએ કોઈ પ્રકાશ પૂર્વ હકીકતની વિગતે પાડેલ નથી. મુદ્દા નં.૧૬ ગેરકાયદે અને અનિયમસરના બાંધકામ સબંધમાં સબંધિત વિભાગ અધિકારી કયા પ્રકારના કાનુની કાર્યવાહી કરે છે આ કાર્યવાહી કરવાની સમય મર્યાદા ગેરકાયદે બાંધકામ દુર કરવા અટકાવવા અંગેની કાનૂની જોગવાઈઓ, નિયમો અધિનિયમોની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગેરકાયદેસર અને નિયમોનુસર બાંધકામના સંદર્ભમાં બીપીએમસી એકટની જોગવાઈઓ અનુસાર કાર્યવાહી કરવાની રહે છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૭ ઉપરોકત બાંધકામ તૈયાર થયું ત્યારથી આજ દિન સુધી કયા કયા અધિકારીઓએ ઉપરોકત વિસ્તારમાં ફરજ બજાવી તેમના નામ , હોદ્દો સમયગાળો વિગેરેની માહિતી. મુદ્દા નં.૧૮ ઉપરોકત બાંધકામ અનઅધિકૃત હોય તો તે અટકાવવાની દુર કરવાની જવાબદારી કોની હતી તે તમામ અધિકારીઓના નામ હોદ્દો તેમજ બાંધકામના માલિક ધ્વારા અનઅધિકૃત બાંધકામનો અનઅધિકૃત રીતે ઉપયોગ કરાયા સામે કોણે કોણે પગલા લેવાના હતાં તેમના નામ હોદ્દાની માહિતી. મુદ્દા નં.૧૯ રેકર્ડ મેન્યુઅલ મુજબ ઉપરોકત જમીન–મિલ્કત ઉપર થયેલ બાંધકામના અનુસંધાનમાં રજૂ કરાયેલ તમામ પુરાવાઓ કયા ગ્રેડમાં આવે છે તે ગ્રેડની માહિતી તે માહિતી સાચવવાની સમય મર્યાદા કેટલી તે સમયગાળાની માહિતી. આ પ્રકારની માહિતી સાચવવાની જવાબદારી જે શાખા કચેરી હોય તેમના નામ, હોદ્દા સરનામાની માહિતી. મુદ્દા નં.૨૦ ઉપરોકત માહિતીના સબંધકમાં રેકર્ડ મેન્યુઅલની એક નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧૭ થી ૨૦ બાબતે માંગવામાં આવેલી માહિતી ગાયત્રી એજયુકેશન ટ્રસ્ટની મૌખિક તેમજ લેખિત મનાઈ અરજી હોવાના કારણે આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. પરંતુ ફરીયાદની મુદ્દા નં.૧, ૪ થી ૭ તથા ૯ થી ૧ ૫ માં નિર્દિષ્ટ વિગતે કલમ–૧૧ ની પ્રક્રિયા વિશે જણાવેલ નથી. મુદ્દા નં.૨૧ ગેરકાયદેસર બાંધકામ ન કરવા જાહેર જનતા જોગ તેમજ પોતાની ફરજો પાલન કરવા સબંધી કચેરીના અધિકારીઓએ જો જે જાહેરાત જાહેરનામું બહાર પાડયું હોય તેની નકલની માહિતી. મુદ્દા નં.૨૨ ઉપરોકત ૧ થી ૨૧ મુદ્દાની માહિતી કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય, ચોરાઈ ગઈ હોય ગુમ થઈ હોય તો તે સબંધી પોલીસ ફરીયાદ કરી હોય તે પત્રની નકલ અને કોના કાર્યકાળ દરમ્યાન કચેરીમાંથી માહિતી ગુમ થઈ તે તમામ અધિકારીઓના નામ, હોદ્દા વિગેરેની માહિતી.

અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૧ ની રજુઆત બાબતે મુદ્દા નં.૨,૩,૮,૨૧ અને ૨૨ બાબતે કોઈ ઉલ્લેખ કરેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. અને મુદ્દાઓની માહિતી પૂરી પાડવામાં તકેદારી રાખી નથી. તેવી રજૂઆત કરેલ છે જે અંગે અરજદારને આપેલ માહિતીમાં મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી સદર મુદ્દા જણાવી અરજદારને માંગેલ માહિતી મુદ્દા નં.૨ અને ૩ ની પૂરી પાડેલ છે. જયારે મુદ્દા નં.૮,૨૧ અને ૨૨ ની માહિતી અરજદારને પૂરી પાડેલ જણાતી નથી.

અરજદારના અપીલના મુદ્દા નં.૨ માં  અરજદારે પૂરી પાડેલ માહિતીના મુદ્દા નં.૧,૪ થી ૭, ૯ થી ૧૫ ,૧૭ થી ૨૦ ની માંગવામાં આવેલી માહિતી ગાયત્રી એજયુકેશન ટ્રસ્ટની મૌખિક તેમજ લેખિત મનાઈ અરજી હોવાના કારણે નકારેલ છે તે માહિતીના કાયદાની જોગવાઈ વિરુધ્ધની વાત છે તથા તેની અરજીની વિગત માંગેલ છે. વધુમાં ટ્રસ્ટે માંગેલી માહિતીની લેખિત કે મૌખિક મનાઈ કયા કારણથી અને કયા અધિકારીથી કરી શકે? તેવી રજૂઆત કરેલ છે. અત્રે જાહેર માહિતી અધિકારીએ અરજદારની તા.૧–૫–૧૧ ની વાંધા અરજી બાબતે અરજદારને માહિતી આપવાનો ઈન્કાર કરેલ છે. ત્રાહિત વ્યકિતએ અરજદારને આપેલ વાંધા અરજીમાં કલમ–૮ ની પેટા કલમ–(ડી) અને (ઈ) હેઠળ નહીં આપવા જણાવેલ છે પરંતુ કલમ–૮ (ડી) ની જોગવાઈઓમાં વાણિજય, ગોપનીયતા, ધંધાકીય રહસ્યો અથવા બૌધ્ધિક અસ્કયામતોનો સમાવેશ કરતી માહિતી જાહેર થવાથી ત્રાહિત પક્ષકારની સ્પર્ધાત્મક સ્થિતિને નુકશાન થઈ શકે તેમ હોય તેવી માહિતીનો સમાવેશ થાય જે માહિતી જાહેર હિતમાં હોય તો તે પ્રગટ કરવાની રહે. જયારે કલમ–૮ની પેટા કલમ–ઈ માં આવી કોઈ માહિતી પ્રગટ થવાની વિશાળ જાહેર હિતનું સમર્થન હોવાની સક્ષમ સત્તાને ખાતરી ન થાય તો વ્યકિતને પોતાના વિશ્વાસ આધિન સબંધમાં મળવા પાત્ર માહિતી આપવાની જવાબદારી રહેશે નહીં તેવી માહિતીનો સમાવેશ થાય. જેમાં અત્રે તેવી કોઈ માહિતી હોવાનું જણાતી નથી. જાહેર માહિતી અધિકારીએ ઈન્કારના પત્રમાં તે વિશે નિર્દેશ પણ કરેલ નથી તથા કલમ–૧૧ હેઠળ ની આવતી હોય તો તે અંગે ત્રાહિત પક્ષકારને સાંભળી નિર્ણય લઈ તે નિર્ણયની જાણ અરજદારને કરવાની રહે છે. પરંતુ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કલમ–૧૧ હેઠળની કોઈ પ્રક્રિયા અનુસરેલ હોઈ તેવી વિગતો અપીલ તબકકે રજૂ થયેલ નથી. અત્રે એ પણ પ્રસ્તુત છે કે સદર કેસમાં અરજદારને જે માહિતી માંગેલ છે તે બાંધકામને લગતી કાયદેસરતા બાબત હેઠળની છે. જેમાં ટ્રસ્ટની કોઈ અંગત/વ્યકિતગત માહિતી કે તેમના ત્રાહિત તરીકેના દસ્તાવેજો સમાવેશ થતા હોય તેવું જણાતું નથી. આમ અરજદારને મુદ્દા નં.૧, ૪ થી ૭ ,૯ થી ૧૫ ની પૂરી પાડવામાં આવેલ માહિતી કાયદા સાથે સુસંગત નથી. અપીલના મુદ્દા નં.૨ અંગે દફતરી હકીકતલક્ષી માહિતી જણાવેલ નથી. જયારે મુદ્દા નં.૧૬ થી માંગવામાં આવેલી માહિતી અધૂરી હોવાનું જણાવેલ છે. અપીલ તબકકે અરજદારે અધૂરી વિગત બાબતે પત્ર પાઠવેલ. જેના સંદર્ભે તા.૨૯–૭–૧૧ ના પત્રથી અધૂરી વિગતોમાં બીપીએમસી એકટની કઈ કલમ હેઠળની જોગવાઈઓ જણાવેલ નથી તથા અરજીની માહિતી ૬૦ દિવસે મળ્યાની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ ગેરકાયદેસર બાંધકામો દુર કરવા અટકાવવા અંગે કાનુની જોગવાઈઓ, નિયમો અને અધિનિયમો અંગેની માહિતી અંગે આપેલી માહિતીમાં કાયદાકીય જોગવાઈ જણાવેલ છે. પરંતુ તેની કલમો જણાવેલ નથી પરંતુ અરજદારને સબંધિત વિભાગના અધિકારી કયા પ્રકારની કાનૂની કાર્યવાહી કરે છે તેની માહિતી અને કાર્યવાહી કરવાની સમય મર્યાદા બાબતની માહિતી આપેલ જણાતી નથી. સદર માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૪ મુજબ સ્વયં પ્રકાશિત કરવાની માહિતી હેઠળ આવે. આથી અરજદારને ગેરકાયદેસર અને અનિયમસરના બાંધકામ બાબતે થતી કાર્યવાહી જેવી કે, બાંધકામ અટકાવવા બાબતેની નોટીસ, બાંધકામ દુરકરવા બાબતેની નોટીસ, રીવાઈઝડ પ્લાન કે અન્ય કાર્યવાહીની વિગતો જણાવવાની રહે તેમજ કાર્યવાહી બાબતે કોઈ સમય મર્યાદા નિર્ધારિત થયેલ હોય તો તેવી વિગતો પણ આપવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૪–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨,૮,૨૧ અને ૨૨ ની નહીં પૂરી પડાયેલ માહિતી મુદ્દા નં.૧૬ ની ચોકકસ જોગવાઈની કલમ સહિતની માહિતી તથા મુદ્દા નં.૧,૪ થી ૭ તથા ૯ થી ૧૫ અંગે કલમ–૧૧ ની પક્રિયાની અનુપ સ્થિતિમાં જાહેર સ્ત્રોત હેઠળ સમાવિષ્ટ થતી દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :  –૭–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મંજુલત્તા જૈન ,